# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૦૯/૦૪/૨૦૧૮ થી તા.૧૫/૦૪/૨૦૧૮

## પ્રેસનોટ

### અખબારી યાદી તા.૧૩/૦૪/૧૮

**રૂ.૨૦૦૦/- ની ચલણી નોટોના બંડલની બદલીમાં રૂ.૧૦,૨૦,૫૦ના દરની પરચુરણ ચલણી નોટોના બંડલ, કમીશનથી બદલી આપવાની લાલચ આપી, ભોગનનાર પાર્ટીને એકાંતવાળા સ્થળે બોલાવી પૈસા ગણવાના બાહના હેઠળ સાથે લઇ આવેલ વાહન માં પૈસા સાથે રફુચક્કર થઇ ચીટીગના ગુન્હા આચરતી સાણંદની “ભૂરીયા-ગેંગ”ના ચાર સાગરીતોને રૂ.૧૧,૦૦,૦૦૦/- થી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી.**

.........................................................................................

અમદાવાદ ઘી કાંટા ખાતેની મેટ્રો કોર્ટમાં આસી. સુપ્રીટેન્ડન તરીકે નોકરી કરતા અને અમદાવદ, વસ્ત્રાલ રોડ ઉપરના મારૂતિ ટેનામેન્ટ ખાતે રહેતા જયકર ભટ્ટ નાઓને રૂ.૨૦૦૦/-ની ચલણી નોટોના નવા બંડલની બદલીમાં રૂ.૧૦૦,૫૦,૨૦ અને ૧૦ ના દરની પરચુરણ ચલણી નોટો સામે દસ ટકા કમીશન આપવાની લાલચ આપી ફરીયાદિશ્રીને વિશ્ર્વાસમાં લઇ રૂ. ૨૦૦૦/-ના દરની રૂ.૭,૦૦,૦૦૦/-ના મુલ્યની ચલણી નોટો સાથે બાકરોલ સર્કલથી ધોળકા જવાના રોડ ઉપર બોલાવી, પૈસા ગણવાના બાહના હેઠળ સ્વિફ્ટ ગાડીમાં બેસી. ભોગબનનારના નાણા રૂ.૭,૦૦,૦૦૦/- લઇ ભાગી ગયેલ મતલબે ચીટીગનો ગુન્હો ગઇ તા.૧૩/૧૦/૧૭ના રોજ અસલાલી પો.સ્ટે. ખાતે તથા આજ એમ.ઓ.થી તા.૩૦/૦૯/૧૭ ના રોજ સાંણદ પો.સ્ટે. ખાતે ગુન્હાઓ નોધયેલ જે ગુન્હાઓની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી, ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી.એન.બી.બારોટ, નાઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી આઇ.એમ. ઝાલા, પો.સ.ઇ.શ્રી. આર.એમ.વસૈયા, અને એલ.સી.બી. ટીમે ગુન્હાવાળી જગ્યાની વિજીટ કરી ફરીયાદિ/સાહેદોએ આપેલ વર્ણન અને બોલચાલની ભાષા અને પહેરવેશ આધારે સ્થાનિક ઇસમોની સંડોવણીના અનુમાન સાથે ચોક્કસ

દિશામાં ધ્યાન કેન્દ્રિત કરી ગેંગ ઝબ્બે કરવા કવાયત હાથ ધરેલ તેના ફળસ્વરૂપે પો.સ.ઇ.શ્રી આર.એમ. વસૈયા તથા હે.કોન્સ. અજયસિંહ ચુડાસમા નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે સાંણદ-વિરમગામ હાઇવે રોડ, હાસલપુર ચોકડી નજીક સાંણદ પોલીસ સાથે સંયુકત વોચ ગોઠવી ભારે જહેમતથી “ભૂરીયા-ગેંગ” ના ચાર સાગરીતોને રૂ.૧૧,૦૦,૦૦૦/-થી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ

## રૂ.૧૧,૦૦,૦૦૦/- ના મુદ્દમાલ સાથે “ભૂરીયા-ગેંગ” ના ચાર સાગરીતો ઝડપયા

(૧) રસીદખાન ઉમ્મરખાન જતમલેક ઉ.વ.-૩૫ રહે, શેડલા તા.-પાટડી જી.-સુરેન્દ્રનગર

(૨) સત્તારશા આલમશા જાતે ફકીર ઉ.વ.-૨૯ રહે, શેડલા તા.-પાટડી જી.-સુરેન્દ્રનગર

(૩) શિવાભાઇ શૈલેષભાઇ મકવાણા ઉ.વ.-૩૫ રહે, ૧૯, અક્ષર વિલા ફ્લેટ ઠક્કરનગર અમદાવાદ મુળ રહે, વેરાવર મફતીયા પરૂ બોયઝસ્કુલની પાછળ તા.-વેરાવર જી.-ગીરસોમનાથ

(૪) કરણસિંહ એકનાથસિંહ સોલંકી ઉ.વ.-૪૪ રહે, ૧૦૧,રાધે બિલ્ડીંગ બાવળા તા.-બાવળા મુળ રહે, સિધાર્થનગર ,હસનપુર મલહના થાણાની પાસે, તા.-જી. સિધાર્થનગર ઉત્તરપ્રદેશ

ઉકત ઇસમોના કબ્જામાંથી રૂ.૨૦/-ના દરની ચલણી નોટો ના બંડલ- ૨૨૯, રૂ.૧૦/- ના દરની ચલણી નોટો ના બંડલ- ૨૪૭ મળી કુલ- ૭,૦૫,૦૦૦/-ના મુલ્યની કુલ- ૪૭૬ ભારતિય ચલણી નોટોના બંડલ મળી આવેલ જે સંબધે પૂછપરછ કરતા હાલના ગુન્હામાં મેળવેલ મોટી નોટોને નાની નોટોમાં ચીટીગ કરવા સારૂ તબદિલ કરાવેલ તે પૈકીના નાણા હોવાની કેફીયત આપતા મુદ્દામાલના નાણા રૂ.૭,૦૫,૦૦૦/- તથા અંગ ઝડતિના નાણા રૂ. ૨૪,૨૦૦/-, મોબાઇલ ફોન-૬ કિ.રૂ. ૩૬,૫૦૦/-, સ્વિફટ ગાડિ કિ.રૂ. ૩,૫૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૧,૧૫,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી અટકાયત કરેલ છે.

## ગુન્હાને કેવી રીતે અંજામ આપતા

આરોપીઓ ભોગ બનનાર પાર્ટીને વચેટીયા મારફતે સંર્પક કરી રૂ.૨૦૦૦/-ની ચલણી નોટોના બંડલની બદલીમાં રૂ.૧૦,૨૦,૫૦ના દરની પરચુરણ ચલણી નોટોના બંડલ સામે દસ ટકા કમીશન આપવાની લાલચ આપી, વિશ્ર્વાસ કેળવી ભોગનનાર પાર્ટીને એકાંતવાળા સ્થળે પૈસા બદલવા બોલાવતા અને પાર્ટીને તેઓ સાથે લાવેલ સ્વીફ્ટ ગાડીમાં રાખેલ રૂ.૧૦,૨૦,૫૦ ના પરચુરણ નોટો ભરેલ થેલાઓ બતાવતા અને પાર્ટી લઇ

આવેલ તે પૈસા ગણવાના બાહના હેઠળ ગાડીમાં બેસી જતા અને મોકાનો લાભ લઇ સ્વિફ્ટ ગાડીમાં રફુચક્કર થઇ જતા

## આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ

ઉપરોકત આરોપીઓ પૈકી સત્તારશા આલમશા ફકીર રહે, શેડલા તા.-પાટડી જી.-સુરેન્દ્રનગર નાનો સને ૨૦૧૨ માં અત્રેના જીલ્લાના સાંણદ પોલીસ સ્ટેશન, વિરમગામ રૂરલ પો.સ્ટે. તથા ગાંધીનગર જીલ્લા અને વડોદરા જીલ્લામાં બેન્કના એ.ટી.એમ. ચોરીના અડધો ડઝનથી વધુ ગુન્હાઓમાં સંડોવાયેલ છે. તે ગુન્હાઓમાં જેલમાં આશરે પાંચેક વર્ષ રહી તાજેતરમાં આશરે સાતેક મહિના ઉપર જેલમાંથી બહાર આવેલ છે.

આ ગેગનો માસ્ટર માઇન્ડ સાંણદનો ભૂરાભાઇ દરબાર હોઇ "ભૂરીયા-ગેંગ" તરીકે કુખ્યાત છે.

આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી. ધ્વારા સદરી વીક દરમ્યાન ઉક્ત સારી અને પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ રૂરલ અમદાવાદ